# નિયામક સમાજ સુરક્ષા ગાંધીનગર

## જાહેરાત

દિવ્યાંગોના કલ્યાણ ક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ પાસેથી ભારત સરકારનુ અનુદાન મેળવવા રસ ધરાવતી સંસ્થાઓ પાસેથી "આસીસ્ટન્સ ટુ ડીસેબલ્ડ પર્સન ફોર પરચેઝ/ફીટીંગ ઓફ એઇડ્સ એન્ડ એપ્લાઘયન્સીસ (એડીપ સ્કીમ) ની નવી સુધારેલ યોજનાની દરખાસ્તો અને તા-૦૧/૦૪/૨૦૧૮થી અમલમાં આવેલ નવી માર્ગદર્શીકા મુજબની "દિન દયાળ રીહેબીલીટેશન સ્કીમ" (ડી.ડી.આર.એસ.) હેઠળની વર્ષ : ૨૦૧૯-૨૦ માટે નીચે જણાવેલ ૦૯ (નવ) પ્રોજેકટ માટેની દરખાસ્તો ભારત સરકારની વેબસાઇટ www.ngograntsje.gov.in દ્વારા ઓનલાઇન મંગાવવામાં આવે છે.

આ અંગેની ગાઇડ લાઇન ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયની વેબસાઇટ https://socialjustice.nic.in ઉપર મુકવામાં આવેલ છે. સ્વૈચ્છિક સંસ્થાઓએ તેમની દરખાસ્તો સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારિશ્રીને તા- ૧૫/ ૦૭/૨૦૧૯ સુધીમાં ઓનલાઇન અને મેન્યુઅલી મોકલવી અને સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી દ્વારા નિરીક્ષણ અહેવાલ અને ભલામણ સહિત ઓન-લાઇન તા-૩૧ /૦૭/૨૦૧૯ સુધીમાં અત્રેના યુઝરમાં મોકલી આપવાની રહેશે. સમયમર્યાદા બાદ મળેલ દરખાસ્તો ધ્યાને લેવામાં આવશે નહી. યોજના સંબંધિત તમામ જરૂરી દસ્તાવેજો હિન્દી/અંગ્રેજી ભાષામાં બિડાણ કરવાના રહેશે.

| | | | |
|---|---|---|---|
| ૧ | શાળા પૂર્વેની તેમજ વહેલાસરની દરમિયાનગીરી અને તાલીમ માટેની યોજના | ૬ | સારવાર કરવામાં આવેલ અને જેમની બીમારી નિયંત્રિત થઇ શકી છે તેવા માનસિક બીમાર વ્યક્તિઓના માનસિક અને સામાજિક પુનઃસ્થાપન માટે હાફ-વે (Half-Way) હોમની યોજના |
| ૨ | વિશિષ્ટ શાળાઓ<br>એ. મેન્ટલ રીટાર્ડેશન<br>બી. હીયરીંગ એન્ડ સ્પીચ ઇમ્પેર્ડ<br>સી. વિઝીયલી ચેલેન્ઝડ | | |
| ૩ | સેરેબ્રલ પાલ્સી (મગજના સોજા) વાળા બાળકો માટેની યોજના | ૭ | ગૃહ આધારિત પુનઃસ્થાપન કાર્યક્રમ અને ગૃહ વ્યવસ્થાપન કાર્યક્રમ |
| ૪ | કૃષ્ટ રોગમાંથી સાજા થયેલ વ્યક્તિઓના પુનઃસ્થાપનની યોજના | ૮ | સમુદાય આધારિત પુનઃસ્થાપન કાર્યક્રમ (CBR) |
| ૫ | માનવ સંસાધન વિકાસ માટેની યોજના | ૯ | અલ્પ દૃષ્ટિવાળા માટેનાં કેન્દ્રોની યોજના |

સંસ્થાઓએ ઉપરોક્ત દરખાસ્તની સાથે સાથે નિયત ફોર્મેટમાં બે-નકલમાં જરૂરી વિગતો અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની ભલામણ સાથે અત્રે મોકલવાની રહેશે, નિયત ફોર્મેટનો નમુનો અત્રેની કચેરીની વેબસાઇટ https://sje.gujarat.gov.in/dsd ઉપર જોવા મળશે, તે ફોર્મેટમાં ફીઝીકલી દરખાસ્ત રજુ કરવાની રહેશે.

**નિયામક**
**સમાજ સુરક્ષા ખાતું,**
**ગુજરાત રાજ્ય ગાંધીનગર**